વડોદરા રાજ્યના જેલ સુપરીન્ટેન્ડેન્ટ સાહેબ.
અમદાવાદ નીવાસી કોઠાવાળા શેઠ નસ-
રવાનજીના પુત્ર,

રતનજી વિરહ,

ચરિત્ર.

રચનાર, પ્રસિદ્ધ કરનાર.
કવિ. શિવલાલ ખુશાલભાઇ બ્રહ્મભટ્ટ.

દુહો.

કાયા છોડી કીર્તિને, જગમાં મુકી જાય;
સરસ રશમ સંસારમાં, લાયક જનની લખાય. ૧

અમદાવાદ.
વિજય પ્રવર્તક પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૬. સન ૧૯૦૦.

૭૪૪૭

શ્રી

ખુદાવંદ, ખુદાયગાન, આલીશાન, ફેજબક્ષ, ફેજરશાન,
આજમન સરવર, જેલ સુપરીનટેન્ડેન્ટ સાહેબ વડોદરા રાજ્યના,

કોઠાવાળા શેઠજી સાહેબ.

રતનજી વિરહ, ૭૪૭૭

ચરિત્ર.

દોહરો.

વિસાર્યા વિસરે નહીં, રતનજી રોબદાર;
કોઠાવાળા કેશરી, વડી કીર્તિ વરનાર. ૧

રાગ પરજ.

" જોને વિચારી તું જીવડારે, માથે મરણનો માર; "
" આજ કાલે ઉઠી ચાલવું, મુકી સર્વ સંસાર. " એ રાગ.

બેહેસ્ત નશીન બહાદુર થયા, રૂડા રતનજી શેઠ;
જેલ સુપરીનટેન્ડેન્ટ જસિવ, વડોદરા રાજ્યના એઠ. બેહેસ્ત. ૧
દલગીર જેથી દેશીઓરે, વડા રાજા વજીર;
સરસુબાને સુબા વળી, વહિવટદારો અમીર. બેહેસ્ત. ૨
જરથોસ્તીમાં જગે જગેરે, અતિ હવો અફસોસ;
સગાં કુટુંબી સર્વનાં, દીલ રહે ન ખામોશ. બેહેસ્ત. ૩
મહાન રાજા વિર પુર્ષોનીરે, ખોટ જાણી અપાર;
દુઃખી દીસે જેથી દાખવું, વિરો વિરહ ચિતાર. બેહેસ્ત. ૪
નામદાર નસરવાનજી શેઠનારે, પુરણ પ્રતાપી પુત્ર;

પારશી કુળમાં પારસમણિ, જેમણે શોભાવ્યું સુત્ર. બેહેસ્ત. ૫
ભવ્યભાગી હવા ભુમંડળેરે. જેમનો જબરો ઠાઠ;
ચતુર પુત્રીઓ ચાર છે, સપુત સુતો છે આઠ. બેહેસ્ત. ૬
એક એકથી ઉમદારે, બહાદુર બુદ્ધિ વિશાળ;
પાયરીયો મોટી પામીયા, કબુલ સુરતો કમાલ. બેહેસ્ત. ૭
અષ્ટ વસુ* જેવા ઉમદારે, વડા વિવેકી વીર;
ચાલાકને ચાતુર ઘણા, ગુણનીધી ગંભીર. બેહેસ્ત. ૮
રતનજી શેઠ રંચ વારમાંરે, હવા બેહેસ્ત નસીન;
જેથી કરીને જરથોસ્તીઓ, આઘે ગૃહસ્થો ગમગીન. બેહેસ્ત. ૯
પિડા પામ્યા વિણ પ્રતાપીએરે, મોધી મુંકી સુદેહ;
પુન્યશાળી હતા પ્રાક્રમી, તેમાં નહિ સંદેહ. બેહેસ્ત. ૧૦
મિથ્યા જગતને માનતારે, હવા ન માયામાં લીન;
સદાચરણથી ચાલીઆ, રાખી ઇષ્ટપર આકીન. બેહેસ્ત. ૧૧
શાબાશી સારી મેળવીરે, દેશ અને વિદેશ;
પાયરીયે મોટી પામીયા, રીઝવી રૈયત નરેશ. બેહેસ્ત. ૧૨
દોલતને દીકરા તણારે, ઉર ધર્યાં ન અભિમાન;
હિંદુ અને ઇસલામમાં, ગણાયા ગુણવાન. બેહેસ્ત. ૧૩
પારશી કુળમાં પારસમણિરે, ઉમદા હવા અમીર;
કોઠાવાળા કેશરી, ગુણ નીધી ગંભીર. બેહેસ્ત. ૧૪
અહીં અમલ બેસતાં ઇંગ્રેજનોરે, કોઠી‡ ઘાલી જે દીશ;
ડોશાભાઇ વડીલ વડા તેમના. નિમ્યા હુતા બધીસ. બેહેસ્ત. ૧૫

---

* ઇંદ્રની હજુરમાં દેવતા છે. ‡ સોસાઇટીના સમીપમાં કેદખાનું કર્યું હતું તે જગો, જેમાં આગળ કોઠો હતો.

જેથી કરીને જેમનેરે, કોઠાવાળા સૌ કેહે;
આવેલ સરકારના સમુહમાં, એ અરસાથી અહી રેહે. બેહેસ્ત. ૧૬
ક્રુર કેદીઓને વશ કર્યારે, દેઇ ઉપરનો ત્રાસ;
રેહેમ રાખી હુદા વિશે, તાજી રાખી તપાસ. બેહેસ્ત. ૧૭
હંમેજો પારશી હરેકમાંરે, મહોટું મેળવ્યું માન;
જેથી કરીને જનો ભલા, વરણાય વિરહ બયાન. બેહેસ્ત. ૧૮

વિરહ સંતાપ.

(રાગ ઉપર પ્રમાણે.)

શોકજનક બીના આ સાંભળીરે, દેશ અને વિદેશ;
સંતાપ કરે સૌ શેહેરના, નામદાર ગૃહસ્થો નરેશ. બેહેસ્ત. ૧૯
પારશી ફીરકાના પ્રતાપીઓરે, ઘણા હવા ગમગીન;
હિંદુ ઇસ્લામ હરેક કોમના, પદધારી પ્રવીણ. બેહેસ્ત. ૨૦
મુબારક નામો તેમનાંરે, મુકામ સાથે લખાય;
સગા સહોદર સર્વનાં, વિર પુર્ષોનાં વરણાય. બેહેસ્ત. ૨૧
કૃપાળુ કમિશનર ઉત્તર પ્રાંતનારે, લાયક લેલીસાહેબ નારાજ;
જેમણે દુકાળ સમે દેશમાં, ઉમદા યોજ્યા ઇલાજ. બેહેસ્ત. ૨૨
કલેકટર મહા કરૂણાનીધીરે, ગીબ સાહેબ ગમગીન;
જસ્વિ જીલ્લે અમદાવાદના, મહા પ્રતાપી પ્રવીન. બેહેસ્ત. ૨૩
વિરક્ષેત્ર વડોદરા રાજ્યનારે, સયાજીરાવ સરકાર;
દલગીર હવા દેશોપતી, ઉમદા દીલના ઉદાર. બેહેસ્ત. ૨૪
સરસુબાને સુબા વળીરે, વહિવટદારો વજીર;
આધે અધિકારી રાજ્યના, દાના હવા દીલગીર. બેહેસ્ત. ૨૫
જેલર સાહેબો જગે જગેરે, સૌકો કરે સંતાપ;

પ્રતાપી કેરા પ્રયાણુથી, કેદીઓ કરે વિલાપ. એહેસ્ત. ૨૬
વડા વડોદરા રાજ્યનારે, સરસુબા સુજાન;
ધર્મીષ્ટ ધામણુસકરરાવજી, ગ્લાની હવા ગુણવાન. એહેસ્ત. ૨૭
જસ્ટિસ જડજ વરીષ્ટ કોર્ટનારે, અંબાલાલભાઇ અમીર;
ઉમદા ખત્રી અમદાવાદના, દાના હવા દીલગીર. એહેસ્ત. ૨૮
દીવાન બહાદુરનો જેમનેરે, ઇનાયત હવો ઇલ્કાબ;
બ્રિટિશ બહાદુર સરકારથી, જાણી જસ્ટિસ જનાબ. એહેસ્ત. ૨૯
વિરવડોદરા રાજ્યનારે, નામીક નાયબ દીવાન;
અફસોસી અધિકારી ઉમદા, બહાદુર બુધ્ધિનીધાન. એહેસ્ત. ૩૦
આદ્યે અધિકારી રાજ્યનારે, વડા પ્રસિદ્ધ વીર;
ઓફિસરો મુત્સદી ઉમદા, દીલમાં હવા દીલગીર. એહેસ્ત. ૩૧
પેસ્નર જેલર §વડપુરનારે, મીસ્તર માધવલાલ;
નારાજ નાગર સાહોદરા, બહાદુર બુધ્ધિ વિશાલ. એહેસ્ત. ૩૨
રાજ્યપીપળા રાજ્યનારે, છીતીપતી છત્રેશ;
નારાજ નાંદોદ નૃપતી, ગુણીયલ ગોહિલ નરેશ. એહેસ્ત. ૩૩
માતુશ્રી જેમનાંએ કર્યુંરે, લક્ષ્મી નારાયણનું મંદીર;
લક્ષ્મિ ખરચી લક્ષધા, સુશોભિત સુંદીર. એહેસ્ત. ૩૪
દાના દીવાનજી તેમનારે, ધનજીશાહા ઉદાર;
આત્મજ* એદલજી શેઠના, અક્કલવંત હોંશિયાર. એહેસ્ત. ૩૫
હજુર દીપ્યુટી એદલજી હુતારે, પ્રોઢ પ્રાક્રમી પ્રવીન;
ઇતિહાસાદીક ઉત્તમ રચ્યા, જેમણે ગ્રંથો નવીન. એહેસ્ત. ૩૬
પ્રતાપી પેસ્તનજી વકીલના રે, ખાન બહાદુર ખુબ;
સી. આઇ. ઇ. શેઠ નવરોજજી, મર્તબાદાર મહેબુબ. એહેસ્ત. ૩૭

* દીકરા. § વડોદરા.

દીલસોજી દાના હવારે, પંચુઓ પ્રતિપાળ;
જરિત્ર શેઠ જહાંગીરજી, દલગીર હવા દયાળ. બેહેસ્ત. ૩૮
શેઠ રતનજી જમસેદજી રે, દાના હવા દીલગીર;
લાલકાકા લાયક ઘણા, ઇજતદાર અમીર. બેહેસ્ત. ૩૯
કારંજાવાળા કાવસજી શેઠનારે, સુત અરદેશર સુજાન;
અફસોસી છે ઉમદા, બહાદુર બુદ્ધિનીધાન. બેહેસ્ત. ૪૦
દીલસોજી દાદાભાઇ હવારે, ગુણનીધી ગંભીર;
અદલ ઇનસાફી અમદાવાદના, માજીસ્ટ્રેટ મહાવીર. બેહેસ્ત. ૪૧
બહાદુર બારથોલોમ્યુઝ ઉદાશમાંરે, સુજ્ઞ સીવીલ સરજન;
તપાસ રાખે તમામની, તેમને છે ધન્ય ધન્ય. બેહેસ્ત. ૪૨
સુજ્ઞ ડૉકટર સીવીલનારે, ધનજીશાહ ઉદાસ;
મહાન રોગો મટાડીને, જેમણે વરી સુવાસ. બેહેસ્ત. ૪૩
શોકજનક ડૉકટર સીવીલના, નાગર શંકરલાલ;
કુળદીપક કેશવલાલના, કરૂણાસીંધુ કૃપાલ. બેહેસ્ત. ૪૪
મારફતીઆ બાહોશ બરજોરજીરે, કૉરસપોન્ડેન્સ ગ્રંથ ગાનાર;
ડોશાભાઇ શેઠના દીકરા, દીલગીર દાના સરદાર. બેહેસ્ત. ૪૫
દલગીર ડૉકટર રેવાબાઇ ડીસ્પેનશ્રી તણારે, નામાંકીત જવરોજ;
વડા રોગો જેમણે વિદારીઆ, ખરી કરી મન ખોજ. બેહેરત. ૪૬
જરિત્ર જેસંગભાઇ શેઠજીરે, વડા પ્રસિદ્ધ વીર;
આલમ પ્રસિદ્ધ હઠિસિંહના, ધર્મ ધોરંધર ધીર. બેહેસ્ત. ૪૭
નગરશેઠ મણિભાઇ તણારે, પ્રતાપી પરિવાર;
ઉદાસીન છે ઉરમાં, સારાભાઇ શેઠ કુંનાર. બેહેસ્ત. ૪૮
મશહુર મનસુખભાઇ શેઠજીરે, ભગુ કુળના ભાણુ;
ગમગીન છે ગુણિયલ ઘણા, સખાવતી સુજાણ. બેહેસ્ત. ૪૯

ભવ્યભાગી ભાઇ તેમનારે, જરિવ જમનાભાઇ શેઠ;
જેમણે દુકાળમાં પશુ પ્રાણીની, ખબર રાખીજ ઠેઠ. બેહેસ્ત. ૫૦
દયાળુ દલપતભાઈ શેઠનારે, સુત લાલભાઇ સુજાન;
દલગીર દુકાળમાં જેમણે, મદદ કીધી મુલવાન. બેહેસ્ત. ૫૧
સી. આઇ. ઇ. વીરચંદશાહ શેઠજીરે, મોહોટા મુર્તબાદાર;
શોકજનક મહા સખાવતી, હીંમત બહાદુર હોંશિયાર. બેહેસ્ત. ૫૨
લાયક લાલશંકરે કર્યારે, કોટી કૃપાળુ કાજ;
અફસોસી જજ સાહેબ ઉમદા, જાણનાર દેશની દાઝ. બેહેસ્ત. ૫૩
આસીસ્ટંટ સાહેબ ઉદાશમાંરે, મશહુર મનસુખરામ;
ઇજત અછી જેમણે મેળવી, કર્યાં પોલીસનાં કામ. બેહેસ્ત. ૫૪
હજુર દીપોટી ઉદાશમાંરે, કેશવલાલ સાહેબ દીવાન;
મહારાજા શ્રી કેશરીસિંહના, બહાદુર બુદ્ધિ નીધાન. બેહેસ્ત. ૫૫
મહારાણા શ્રીમોહનદેવનારે, વડા પ્રસિદ્ધ વજીર;
ત્રીકમલાલ દીનાનાથના, દાના હવા દીલગીર. બેહેસ્ત. ૫૬
નારાજ નીલકંઠરાયજીરે, માધવલાલ મશહુર;
ઠાકોરભાઇ પરમોદરાયજી, હવા ઉદાસી ઉર. બેહેસ્ત. ૫૭
સુપ્રીન્ટેન્ડેન્ટ લેપ્ટ સાહેબનારે, સીરસ્તેદાર સુજાન;
ખેદજનક ક્ષત્રી ખરા, ત્રીકમલાલ ગુણવાન. બેહેસ્ત. ૫૮
કંટ્રાકટર જીવાભાઇ પટેલનારે, કુળ દીપક કુમાર;
ઉદાશ ઉમેદભાઇ ઉરમાં, ઇશ્વર, કેશવલાલ ઉદાર. બેહેસ્ત. ૫૯
ભૂજ દરબારી પ્રેસનારે, મેનેજર મોતીલાલ રામદાસ;
કડવાકુળે અતિ ઉજળા, અધિક હવા ઉદાસ. બેહેસ્ત ૬૦
આધે શહ્‌ગૂહરથો શેહેરનારે, હિંદુ પારસી ઇસ્લામ;
શોકજનક સર્વે હવા, તવંગરો તમામ. બેહેસ્ત. ૬૧

શ્રીમંત કુટુંબ રતનજી શેઠનુંરે, ઘણો કરે અફસોસ;
દીલાશ્યે દીલ તેમનાં, ખરે રહે ન ખામોશ. બેહેસ્ત. ૬૨
રૂડા રતનજી શેઠનારે, કુળદીપક કુમાર;
અફસોસ કરેછે અતિઘણો, ચરચાય તેહ ચીતાર. બેહેસ્ત. ૬૩
રોબદાર રૂસ્તમજી શેઠજીરે, પીતાનો સંભારી પ્યાર;
રીલીફ ખાતામાં જે રહે, અફસોસ કરે અપાર. બેહેસ્ત. ૬૪
નારાજ નરીમાન શેઠજીરે, બરફનું કારખાનું કરનાર;
વળી ખેતી કરાવે ખંતથી, નીજ ગામ મોઝાર. બેહેસ્ત. ૬૫
રાજ્યસ્થાનમાં જે રહેરે, શેઠ પીરોજશાહ;
પુજ્ય પીતાના પ્રયાણથી, અફસોસ કરે અથાહ. બેહેસ્ત. ૬૬
તેજસ્વી ટેમુરજી શેઠજીરે, જે વડોદરે વસનાર;
બગીચા વિગેરે ખાતા તણો, કારભાર કરનાર. બેહેસ્ત. ૬૭
બહાદૂર બેજનજી શેઠજીરે, ઉદાસીન હવા ઇજનેર;
પ્રતાપી પીતાના શોકથી, કળા જાણ બોહોતેર. બેહેસ્ત. ૬૮
મલકમજી સાબ્રમતી જેલનારે, જેલર જસ્વિ ઉદાર;
વડીલસમ જેમણે વરી, વડી કીરતી સુવાસ. બેહેસ્ત. ૬૯
એકટર શેઠ મહા ઉદાશમાંરે, પુના પોલીસમાં જેહ;
પ્રાક્રમી પીતાના પ્રયાણથી, અતિ અફસોસ એહ. બેહેસ્ત. ૭૦
મરજબાનજી મહા શોકમાંરે, ઇંગ્રેજી કરે જે અભ્યાસ;
સપુત રતનજી શેઠના, આઠે હવા ઉદાશ. બેહેસ્ત. ૭૧
રૂડાં રતનજી શેઠનાંરે, પવિત્ર પત્ની જરબાઇ;
પ્રતાપી પતિના પ્રયાણથી, ઘણાં ગયાં ગભરાઇ. બેહેસ્ત. ૭૨
સોનાબાઇ માણેકબાઇ વિગરેરે, સસરાનો કરે સંતાપ;
સિવાય સુંદરીયો સગાં તણી, વિધવિધ વદે વિલાપ. બેહેસ્ત. ૭૩

આલીબાઇ દીનબાઇને વળીરે, ટેમીનબાઇને બાનુબાઈ;
ચતુર દીકરીઓના ચિત્તમાં, ગજબ ગમીરે છાઇ. બેહેસ્ત. ૭૪
બહાદુર બંધુના વિયોગથીરે, આંસુ ભરેછે નેન;
બેહેન જીણીબાઇ બહુ કરી, અમુલ્ય સ્વભાવનાં એન. બેહેસ્ત. ૭૫
લાલકાકાનાં લાયક પત્નીરે, ગુલબાઇ ઘણાં ઉદાસ;
દીલસોજી દાનાં હવાં, જેમના પુણ્યનો નહી પાર. બેહેસ્ત. ૭૬
ધનજીશાહનાં ધન્ય માવડીરે, પીરોજબાઇ પવિત્ર;
ઉદાસીન હવાં ઉમદાં, જેમની પરમારથપર પ્રીત. બેહેસ્ત. ૭૭
નામદાર નવરોજજીનાં દીકરીરે, દીનબાઇ દીલગીર;
શોકજનક સોનાબાઇ હવાં, જેમના પતી જહાંગીર. બેહેસ્ત. ૭૮
આદે ફીરકાનાં અતિ ઘણાંરે, વૃદ્ધ જુવાન બાળ;
અફસોસી હવા ઉમદાં, કુડો જાણી આ કાળ. બેહેસ્ત. ૭૯
ખાનદાન કુટુંબમાં ખેદનોરે, બુરો બન્યો બનાવ;
જેથી જસ્વિ જરથોસ્તીઓ, ઉદાશ અમીર ઉમરાવ. બેહેસ્ત. ૮૦
શોકનો સિંધુ રેલીયોરે; સકળ શેહેર મોજાર;
સંભારી સંભારી શેઠને, અફસોસ કરે અપાર. બેહેસ્ત. ૮૧
જરથોસ્તીમાં જગે જગેરે, ફેલી રહ્યો ફટકાર;
દલગીર થાય દાનાં ઘણાં, પવિત્ર પુરૂષોને નાર. બેહેસ્ત. ૮૨
ઉઠમણા વખતે આવીયારે, દેશ દેશથી વીર;
સગાં સ્નેહી સર્વકો, દીલમાં હવા દલગીર બેહેસ્ત. ૮૩
અફસોસ કીધો અતિ ઘણોરે, સુણી હેબકનાક હેવાલ;
સરદારોને સુજ્ઞ શેઠીઆ, કુડો હોવાથી કાળ. બેહેસ્ત. ૮૪
દીલાસા પત્રો દેશ દેશનાંરે, ઘણાં આવ્યાંજ ઘેર;
સાહેબ પારશી સર્વનાં, તેની ફીખું શું પેર. બેહેસ્ત. ૮૫

ગોળમાંથી ગળપણુ ગયુંરે, તજ્યો સાકરે સ્વાદ;
ખટરસો ખારા હવા, વડો જોઇ વિશાદ. બેહેસ્ત. ૮૬
પારશી પીરકાની પ્રેમદાઓરે, સર્વે કરે સંતાપ;
કાળજુ ફાટે કુરનું, વિધ વિધ સુણી વિલાપ. બેહેસ્ત. ૮૭
કાન કઠણુ છે ઘણારે, સાંભળી સહન થાય;
આંખ અતિશેકુ મળી, તેણે જોયું ન જાય. બેહેસ્ત. ૮૮
વાળ્યું તે મનડું વળે નહીરે, હૈયુ રહે ન હાથ;
શોક રૂપી શરણાં વહે, અધિક જોઇ ઉત્પાત. બેહેસ્ત. ૮૯
સુપરીન્ટેન્ડેન્ટ નહી હોય સૃષ્ટિમાંરે, આવા ઉમદા ઉદાર;
અકલવંતને હુન્નરી, રૂપવંતા રોબદાર. બેહેસ્ત. ૯૦
સવાબી કામો કરી શેઠજીરે, હવા બેહેસ્ત નશીન;
અક્ષય સુખ એથી આપજો, પાકદાદર પ્રવીન. બેહેસ્ત. ૯૧
જગતી માંહે જડે નહિરે, જસ્વિ જેલરની જોડ;
રૂડા રતનજી શેઠની, લાગી ખલકને ખોડ. બેહેસ્ત. ૯૨
કુર કેદીઓને વશ કર્યારે, હુન્નરો શીખવી હરેક;
સાબાસી સારી મેળવી, નિર્મળ બાંધ્યા સુનેક. બેહેસ્ત. ૯૩
શોકજનક શિવરાજ છેરે, જાતાં જસ્વિ જનાબ;
સ્નેહરૂપી સાગર ભર્યા, ગુણનીધી ગુલાબ. બેહેસ્ત. ૯૪

ઉદાસી દેખાવ.

" કૃષ્ણ વળાવીને હું વળીરે, ઉભી જમુનાં તીર. "
" આંસુડે ભીંજાય મારો કંચુઓ, ભીંજાય નવરંગ ચીરરે,
મધુવનનારે વાસી " એ રાગ.

ઉદાસ દીશે અતી ઘણારે, વદ્ધ જુવાન સગીર;
રતન સમોવડ રતનજીરે, ઉમદા ઇજીતદાર અમીરરે. જેલના જસકારી.

જેલસુપરિન્ટેન્ડેન્ટ સાહેબ સુજાનરે, જેલના જસકારી;
ગયા બહાદુર બુદ્ધિ નીધાનરે, અવિચળ કીર્તિ વિસ્તારી. ટેક ૧
શ્રીમંત કુટુંબ શેઠનુંરે, અતી ઉદાશી ઉર,
પારસ રૂપી પારશીરે, સર્વે દીસે શોકાતુરરે. જેલના જસકારી. ૨
બાગ હવેલી બંગલારે, જોતાં ઝાંખા જણાય;
તમોરે વિના તમામનેરે, જાણે ખાલી ખાવાધાયરે, જેલના જસકારી. ૩
સુની સયા તમ વિનારે, સુના મેડી માળ,
દેખી દીલ ભરાય છે, સાંભરી શોકજનક કાળરે. જેલના જસકારી.૪
સુના મેજને ખુરસીરે, સુની આરામ ચેર,
પ્રભાતે નહીં પેખીએરે, લાખેણી કરતા લહેરરે. જેલના જસકારી. ૫
સુના સુંદીર ઢોલીઆરે, સુંની હીંચોળા ખાટ;
સુનાં સિહાન શોભતાંરે,સુના સેગવટો પાટલા ખાટરે.જેલના જસકારી.૬
દીવાનખાનું દીપતુંરે, હાંડી ઝુમરો ઝુકેલ;
સુનું લાગે સર્વનેરે, માંહી વિધ વિધ વસ્તુ મુકેલરે.જેલના જસકારી. ૭
હાથી ઝુરે હાથી શેરીએરે, ઘોડા ઝુરે ઘોડાર;
ભેંસો ઝુરે ભવનો વિશેરે, ગાયો ઝુરે ગૌશાળા બહારરે.જેલના જસકારી.૮
નીચુ માથું નમાલીરે, સર્વે ખાય ન ઘાસ;
પાણી સરખું પીયે નહીંરે, ઝુરે નાંખીને નિસાસરે. જેલના જસકારી.૯
વિરહે કરીને વનમાંરે, ઝુરતાં ઝાડ જણાય;
દુઃખ ધરી તે દેહમાંરે,કુમળી કુંપળો સૌ કરમાયરે જેલના જસકારી.૧૦
વિરહે કરીને વનમાંરે, સકળ પક્ષી સમાજ;
કપોત કોયલ કાળરોરે, મેનાં પોપટ બરહી બાજરે.જેલના જસકારી. ૧૧
ચકવા ચકવી ચારીયાંરે, વારી વિહારી વિહંગ;
ચકોર ચાસને બુલબુલોરે, ભમર આધે ગતી ભંગરે.જેલના જસકારી.૧૨

સમીપનો બાગ શોભતોરે, બારે ભયાનક ભળાય;
દરખતો પડ્યાં દુઃખમાં, કુમળી કુંપળો કુસુમ કરમાયરે. જેલના જસકારી. ૧૩
ઉદાશી બજારને ચકલાંરે, ઉદાસી માણેકચોક;
ઉદાશી સમસ્ત શેઠીઆ, ઉદાશી વર્ણુ અઢારે લોકરે. જેલર જસકારી. ૧૪
આખું કુટુંબ ઉદાશમાંરે, જબર જરથોરતી જન;
સદ્દગૃહસ્થો સૌ શેહેરનારે, વડેરૂં જોઇ વિઘન રે. જેલના જસકારી. ૧૫
અવળો વાયુવાયો એ સમેરે, અવળો વરસ્યો વરસાદ;
અર્ક ઉદે હવો નહીરે, વડોરે જોઇ વિશાદરે. જેલના જસકારી. ૧૬
ઓચીતું દુઃખ ઉપન્યુંરે, મોંઘી મુકી સુદેહ,
જેથી કરી જગે જગેરે, અતિ ઉદાશી હવી એહરે. જેલના જસકારી. ૧૭
ઉદાશી અદખે હદ હવીરે, વરણી તે નહી વરણાય;
શોક જનક શીવરાજ છેરે, સર્વે ગ્રહસ્થોનો સમુદાયરે. જેલના જસકારી. ૧૮

ગુણકથન.

ગરબી.

" ઓધવજીરે સંદેસડો, કહેજો મથુરા મોજાર; "
" જેરે દહાડાના ગયા નાથજી, ઝુરે વ્રજનીરે નાર. " એ રાગ.

કોઠાવાળા કૃપાનીધી, રૂડા રતનજી શેઠ;
સદ્દગુણી સાહેબ સંચર્યા, સદ્દકીર્તી કરી એઠ. કોઠાવાળા. ટેક. ૧
મનોહર મુખવિકાસતું, શરદ પુનમનો ચંદ;
અધુર પ્રવાલના અધમાં, હાસ્ય કરતારે મંદ. કોઠાવાળા. ૨
મુબારક બાદી મેળવી, સરકાર સદ્દગૃસ્થોમાંય;
સદાચરણથી ચાલીઆ, નેક નોકરી કરી ત્યાંય. કોઠાવાળા. ૩
નેનસરોજ સોહામણાં, પરમદયાનાં પાત્ર;
કીરનાશીકા કોડામણું, ગૌર રૂપાળુ ગાત્ર. કોઠાવાળા. ૪

પદવી ઉંચી પામીયા, ધર્યો નહિ તે અભિમાન;
સદ્દકામો સારાં કરી, રીઝવી રૈયત રાજન. કોઠાવાળા. ૫
ઉંચે સ્વરે નહિ ઊચર્યાં, કઠોર કથન એકાદ;
મુરબ્બીઓની મનથી, માની મ્હોટી મર્યાદ. કોઠાવાળા. ૬
દોલતને દીકરા તણો, ઘણો કીધો ન ગર્વ;
સમાન દ્રષ્ટીએ દેખીઆ, ગરીબ તવંગર સર્વ. કોઠાવાળા. ૭
તૃષ્ણાઓ માત્રનો તેમણે, કીધો હુતોરે ત્યાગ;
અંતઃકરણથી ઉરમાં, વડો આણી વૈરાગ. કોઠાવાળા. ૮
પેનસ્નર પણ થયા પછી, જાણવું એહ એંધાણ;
માયામાં મચી પડયા નહીં, જસ્વિ શેઠ સુજાણ. કોઠાવાળા. ૯
દેશ અને વિદેશમાં, કીધી કીરતિરે સ્વેત;
સગાં કુટુંબી સર્વમાં, અધિક રાખ્યુંરે હેત. કોઠાવાળા. ૧૦
કજીઆ પતાવ્યા કંઇકના, નિર્મળ કરી ન્યાય;
સહલા બતાવી સર્વને, કદી કલેશ ન થાય. કોઠાવાળા. ૧૧
શિવરાજ કહે શું વર્ણવું, ગયા ગુણનીધી ગંભીર,
અસીલ ખાનદાન ઊમદા, જેથી દીલ દીલગીર. કોઠાવાળા. ૧૨

રાગ બનજારો.

"ક્યા ઇસ્કેપરીને મારા, મુજે છોડ ચલા બનજારા." એ રાહ.

રૂડા રતનજી શેઠ સારા, ગયા ગુણિયલ ગેંદકા હેજારા: ટેક.
પરોપકારી સુપ્રભા પ્રકાશી, વિમળ કીરતિ વિશ્વમાં વિકાસીરે;
સદૈવ સદા ચરણે ચાલનારા, ગયા ગુણિયલ ગેંદકા હેજારા. રૂડા. ૧
નામ ધર્યાનું પણ રાખ્યું, દુનિયા વિશે દૈવત દાખ્યુંરે;
મુતંઓ મોટો મેળવનારા, ગયા ગુણિયલ ગેંદકા હેજારા. રૂડા. ૨
મંગળમય મનોહર મુરતી, પાક પરવરદીગારમાં પ્રોઇ સુરતીરે;

અહુરમજદ હરદમ જપનારા, ગયા ગુણિયલ ગેંદકા હેન્જારા. રડા. ૩
શાંત સ્વભાવના સંતોષી, ખુશ થાય પામરોને પોષીરે;
દયા દાનાઇ દીલ ધરનારા, ગયા ગુણિયલ ગેંદકા હેન્જારા. રડા. ૪
મૃદુવાણી સદા મુખે ભાંખી, દુષ્ટબુદ્ધિ કદી નહિ દાખીરે;
ખુબ ખમાવટ ખમનારા, ગયા ગુણિયલ ગેંદકા હેન્જારા. રડા. ૫
કેદી લોકોને સુખ બહુ કીધું, ધંધો શિખવી ધણિને ધન દીધુંરે;
નવીન હુનરો ઉભા કરતા, ગયા ગુણિયલ ગેંદકા હેન્જારા. રડા ૬
પ્રથમ પાટી પરેજીઓ વણતા, દુષ્ટજનો દરણું બહુ દળતારે;
તેમને ઇલમ શિખવી ઉગારનારા, ગયા ગુણિયલ ગેંદકા હેન્જારા. રડા. ૭
વિદ્વાન વર્ગે પ્રશંસાસુ કીધી, મુબારકબાદી મુત્સદીએ દીધીરે;
વડા વિચીક્ષણ રીતે વર્તનારા, ગયા ગુણિયલ ગેંદકા હેન્જારા. રડા. ૮
સુધા સમાન મીઠી મુખે વાણી, ખરેખરી શોભતી રસ ખાણીરે;
ધન્ય બહાદુર સભામાં બોલનારા, ગયા ગુણિયલ ગેંદકા હેન્જારા. રડા. ૯
અમદાવાદની જેલ-સુધારી, માંહ્ય વિધા હુન્નરો વધારીરે;
ઉપાય ઉમદા ઉમદા યોજનારા, ગયા ગુણિયલ ગેંદકા હેન્જારા. રડા. ૧૦
ગાયકવાડે ઘણું માન કીધું, ભડ જાણી ભર પેનશેન દીધુંરે;
જાણી ઓછા હોશે હોનારા, ગયા ગુણિયલ ગેંદકા હેન્જારા. રડા. ૧૧
સાહેબ પારશીમાં સારૂં માન પામ્યા, હિંદુ ઇસ્લામોમાં જસ જામ્યારે;
જહાં વિશે ઝલકતા સેતારા, ગયા ગુણિયલ ગેંદકા હેન્જારા. રડા. ૧૨
આઠ પુત્રો આઠ વસુ જેવા, તેજદાર તમામ ઉપજ્યા તેવારે;
રૂડું નામ અચળ રાખનારા, ગયા ગુણિયલ ગેંદકા હેન્જારા. રડા. ૧૩
સાગર સમાન ગુણો ગવાયા, તે સાગરમાં ન જાયે સમાયારે;
મઢે પેપરો સુકાવ્યો કરનારા, ગયા ગુણિયલ. રડા. ૧૪
રતનજી શેઠ રત્નજ જેવા, ઓછા હોશે આલમમાં એવારે;

મુર્તબ્બાદાર મીલનહારા, ગયા ગુણિયલ. રૂડા. ૧૫
જગતી માંહે જડે નહિ જોડી, શુવર્ણનું મમ મતી થોડીરે;
વીર પુરૂષો વિદ્વાન વાંચનારા, ગયા ગુણિયલ. રૂડા. ૧૬
રૂસ્તમજી આદેનો યશ જામો, પીતા સમાન પદવી પામોરે;
સદા સુખી રાખો સ્રજનારા, ગયા ગુણિયાલ રૂડા. ૧૭
શિવરાજ કહે શુભેશાની, ગુમ થયા ગજબ દીલ ગ્લાનીરે;
જુઠા જાણી આ જગ પસારા, ગયા ગુણીયલ. રૂડા. ૧૮

તોટક છંદ.

રતનેશ ગયે ગુનિ મ્હાનમતી, અફ્સોસ અરે ઉર એહ અતી;
દિલ દાગ કદી રૂઝવ્યો ન રૂઝે, વિરહાઅગની વિર નાંહિ બુઝે. ૧
ગુણકારિ ગયે ગુણકે અબધી,* ભવ્યભાગિ ભયે પુર પ્રારબધી;
રતનેશ હમેશ નહીં વિસરે, બગિયાંપર બૈઠિ નહિ નિસરે. ૨
નયને નિર સાગર પૂર બહે, ભયભીત ભરૈ ચિત ચૂર રહે;
શિવરાજ કહે સુખધામ ગયે, અતિ અંતર બીચ ઉદાસ ભયે. ૩

ગરબી.

"બોલી એમ કીરતી કુમારીરે, છાની એક વાત છે મારીરે" એ રાગ.
રતનજી શેઠ રૂડા અધિકારીરે, મેળવી સહૃકીરતિ સારીરે. ટેક.
પારશી કીરકાના બહુ પ્યારારે, ગયા ગુણી ગુલેહજારારે. રતનજી. ૧
રંકાપર રેહેમ બહુ રાખીરે, મૃષા વાણી મુખે ન ભાખીરે. રતનજી. ૨
હવા આલમ સુખના હુલ્લાસીરે, સરવમાં વરી શાબાશીરે. રતનજી. ૩
મહારાજાના મોટા માન્યકારીરે, જેલ સુપરીન્ટેન્ડેન્ટ જસ્કારીરે. રતનજી. ૪
જણાવી બહુ જગમાં જીહોશીરે, ઉદારતા અને ખામોશીરે. રતનજી. ૫
નામ પ્રમાણે નુરજ રાખ્યુંરે, દુનિયા વિસે દૈવત દાખ્યુંરે. રતનજી. ૬

---

* સાગર.

વડીલો સમ ઇજ્જત વધારીરે, દાના હવા રાજ્ય દરબારીરે. રતનજી. ૭
બાગો બગીચાના સોહાગીરે, ઉત્તમ હુન્નરોના અનુરાગીરે. રતનજી. ૮
શિવરાજ કહે સાહેબ શાહજાનીરે, ગયા ગુણી ગજબ એ જ્ઞાનીરે;
રતનજી રૂડા અધિકારીરે. ૯

રાગ ભેરવી.

રતનજી રતન ગયા, ગજબ ગમી કયા દીલપે;
ફેદા હુવા મન ફેજબક્ષ ખાનદાન અસીલપે. રતનજી. ટેક.
જરૂષ પડે જહાં બિચે, મુર્તબાદાર મેશીલપે. રતનજી. ૧
શિવરાજ કહે ધને ગુણો, ટંકાય નાંહી તપસીલપે. રતનજી. ૨

ગરબી.

" ઓધારે અમને વિસાર્યા વહાલે. " એ રાગ.

કોઠાવાળા કૌસ્તુભમણિ જેવા, ઓછા હોશે આલમ બિચે એવા. કોઠા. ટેક.
પરોપકારી પ્રભા સુપ્રકાશી, વિમળ કીરતિ વિરક્ષેત્રે વિકાશી. કોઠાવાળા. ૧
બંદોબસ્ત બહુજ રાખ્યો સારો, હુન્નરો ચલવ્યા જેલોમાં હજારો. કોઠાવાળા.૨
સરકારને ફાયદો સારો કીધો, ઓધો એથી સુપરીન્ટેન્ડેન્ટનો દીધો. કોઠાવા.૩
કારણ દુઃખો તેમનાં નાંખ્યાં કાપી, વિધવિધ વિદ્યા હુન્નરો સ્થાપી.કોઠાવાળા.૪
અમદાવાદની જેલના હવા અધિકારી,વિમળ કીર્તિ વિશ્વમાં વિસ્તારી.કોઠાવા.૫
હુન્નરી અને હોંશિયાર એથી જાણી, સરટી માધવરાવે સુપ્રીતઆણી.કોઠાવા.૬
ચુંટણીરે સરકાર તરફથી કીધી, જગા જેલ સુપ્રીટેન્ડેન્ટની દીધી.કોઠાવાળા ૭
વડા માન્યથી વડોદરે તેડાવી, અત્યંત ભરોસોજ ઉર લાવી. કોઠાવાળા. ૮
શોક જનક શિવરાજ છે ભારી, ગયા અલ્પ ભોગવી આ જારી. કોઠાવાળા. ૯
મનો વિચારો રહ્યા મનમાં,મળેશું સગા સ્નેહીઓ ક્ષણમાં કોઠાવાળા. ૧૦

"રાજાજીરે ઉતરજો પરભાતે, ના ભરમાશો ખોટી વાતે" એ રાહ.
રતનજીરે રત્ન ગયું ફેર ના આવે, હરેક ઉકેલ કોણ બતાવે. ટેક.

જેમની જોડી જગમાં નહી થાયરે, અખબાર અધિપતી ગ્રંથકારો ગાયરે;
જેમણે ઉમદા યોજ્યાબહુઉપાયરે,જેલખાનાનાંરેજુલમદુઃખકોણમીટાવે.હરેક.૧
મોટા મુર્તબાદાર મરજાદીરે, મેળવી મુલકે મુબારકબાદીરે;
સદાસુનીતિ રીતી રાખી સારીરે, શુદ્ધ ગાથારે સારીરીતે સમજાવે. હરેક. ૨
ઉપજ્યા ઉમદા દીલના ઉદારરે, જેમની જુહોશીનો નહિ પારરે;
સાંભળી સરવ વાતનો સારરે, રૂદયાં દીલજરે રડો રાજનાં રીઝાવે. હરેક. ૩
ખોટય જેમની ખલકમાં ખુબરે, ગયા મુર્તબાદાર મહેબુબરે;
સોહરાવી સારાં વકુબરે, શિવરાજનોરે શોકસિંધુ કોણ સમાવે. હરેક ૪

ગરબી.

"ઉધવજીરે સંદેસડો." એ રાગ.

દીર્ઘાયુષી રહો દીકરા, સપુત શેઠના આઠ;
પદવી સારી પામજો, ઠીક સોભાવો ઠાઠ. દીર્ઘાયુષી ટેક. ૧
પેહેલા પાટવી રૂસ્તમજી, બીજા બહાદુર નરીમાન;
ત્રીજા તેજસ્વી પીરોજશાહ, ચોથા ટેમુર સુજાન. દીર્ઘાયુષી. ૨
બાહોશ બેજનજી પાંચમા, છઠા મલકમ છટાદાર;
સાતમા એકટર શેઠજી, આઠમા મરજબાન ઉદાર. દીર્ઘાયુષી ૩
અચળ રહો આલમ વિશે, આઠે બંધુની જોડ;
શિવરાજ શિર નામી કહે, કિરતાર પુરજો કોડ. દીર્ઘાયુષી. ૪
શોક સમાવી સર્વનો, કાઢી સઘળો કળેશ;
સુખ ઉપજાવો સર્વને, અહુરમજદ હમેશ. દીર્ઘાયુષી. ૫
રૂડા રતનજી શેઠનો પ્રતાપી પરિવાર,
અચળ રખો આલમવિસે, પવિત્ર પાક દાદાર. દીર્ઘયુષી. ૬

સમાપ્ત.

વિજ્ઞાપના.

દુહો.

મુરતિ જાતો મનુષ્યકી, રખિ નહિ રહંત;
કછુ કાલ લે જાયગો, કીરતિ રહે અનંત. ૧

આ ચોપડી અમદાવાદમાં ખાડિયામાં દેસાઈની પોળમાં બારોટ. શીવલાલ ખુશાલભાઇ (જે કચ્છ દીવાનશ્રી મોતીલાલ લાલભાઇની દીકરીનું વિવાહ વર્ણન, સોળંકીનું નાટક, ગાયન સંગ્રહ, આનરેબલ રા. બા. રણછોડલાલ છોટાલાલનું વિરહ ચરિત્ર, ધરમપુરના માહારાણાશ્રી નારણદેવજીનું વિરહ ચરિત્ર, સર. જમસેદજી જીજીભાઇ બારોનેટના દીકરા ખરસેદજીનો વિરહ, સર. દીનસાહાજી બારોનેટ પીટીટના દીકરા ફ્રામજીનો વિરહ, દુકાળ દરપણ,) વગેરે પુસ્તકો રચનારને ત્યાંથી મળશે.

કવિ. શીવલાલ ખુશાલભાઇ બ્રહ્મભટ.

ગ્રંથ કર્તા.